### હાઇકોર્ટના ચુકાદા બાદ વહીવટી તંત્રની કાર્યવાહી

# ૩૫ વર્ષ જૂના વિવાદનો અંત : યવતેશ્વર મહાદેવ ટ્રસ્ટની જમીન પરથી દબાણો દૂર

**રહેવાસીઓએ** વધુ સમય અને વળતરની કરી માંગ

**ચુસ્ત** પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણો પર જેસીબી ફેરવી દેવાયુ



### ‘બે કલાકમાં ઘર ખાલી કરવાનું કહ્યું, હવે અમને ન્યાય કોણ આપશે?’

યવતેશ્વર કંપાઉન્ડમાં દબાણ હટાવવાની કાર્યવાહી દરમિયાન એક સ્થાનિક મહિલા મકાનમાલિકે તંત્ર સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું કે વર્ષ 2011માં મહેનતની કમાણીથી ઘર ખરીદ્યું હતું અને હાલમાં ભાડુઆત રહે છે. અચાનક માત્ર બે કલાકમાં ઘર ખાલી કરવાનો આદેશ અપાતા પરિવાર મુશ્કેલીમાં મુકાયો છે. મહિલાના જણાવ્યા મુજબ તેમની પાસે ગાયકવાડ પરિવાર દ્વારા કરાયેલા દસ્તાવેજ સહિત તમામ પુરાવા છે, છતાં તેને માન્યતા અપાઈ નથી. ગાયકવાડ અને ટ્રસ્ટ વચ્ચેના વર્ષો જૂના વિવાદમાં સામાન્ય લોકો પીસાઈ રહ્યા હોવાનું કહી તેમણે વળતર અને ન્યાયની માંગ કરી હતી.

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના કાળાઘોડા નજીક વિશ્વામિત્રી નદી કિનારે આવેલી ઐતિહાસિક શ્રી યવતેશ્વર મહાદેવ ટ્રસ્ટની આશરે જમીન પર છેલ્લા 35 વર્ષથી ચાલતા કાનૂની વિવાદનો અંત આવ્યા બાદ શનિવારે વહીવટી તંત્રે દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. હાઈકોર્ટ દ્વારા જમીન ટ્રસ્ટની હોવાનું સ્પષ્ટ કર્યા બાદ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણ હટાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. હાઈકોર્ટના આદેશ બાદ જિલ્લા વહીવટી તંત્રે દબાણ હટાવવાની નોટિસ આપી હતી ત્યારબાદ શનિવારે યવતેશ્વર કંપાઉન્ડમાં આવેલા કથિત દબાણો પર જેસીબી ફેરવી દૂર કરવામાં આવ્યા હતા. કાર્યવાહી દરમિયાન વહીવટી તંત્ર સાથે પોલીસ અને વિવિધ વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

દબાણવાળા મકાનોમાં રહેતા લોકોએ સ્થળ ખાલી કરવા માટે વધુ સમયની માંગ કરી હતી, પરંતુ હાઈકોર્ટના આદેશનું પાલન કરાવતા તંત્રે કોઈનું કાંઈ સાંભળ્યું નહોતું અને તમામ દબાણો દૂર કર્યા હતા.

### ડ્રોન ટેક્નોલોજી અને સાયબર સુરક્ષા અંગે જાગૃતિ સત્રો બન્યા મુખ્ય આકર્ષણ

# રાજપીપળા ખાતે NCCના વાર્ષિક કેમ્પ યોજાયો ૪૮૨ કેડેટ્સે મેળવી લશ્કરી અને નેતૃત્વ તાલીમ

**વડોદરાએ** ભાવિ રાષ્ટ્રનિર્માતાઓ માટે સઘન લશ્કરી, વ્યક્તિત્વ વિકાસ, ડ્રોન અને સાયબર જાગૃતિ તાલીમ યોજી



(પ્રતિનિધિ) વડોદરા તા.18

એનસીસી ગ્રુપ હેડક્વાર્ટર, વડોદરાના માર્ગદર્શન હેઠળ 1 ગુજરાત કોમ્પોઝિટ ટેકનિકલ રેજિમેન્ટ એનસીસી દ્વારા રાજપીપળા સ્થિત જીએનએલએ ખાતે કોમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં કુલ 482 એનસીસી કેડેટ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કેમ્પ દરમિયાન કેડેટ્સને નેતૃત્વ વિકાસ, શિસ્ત, લશ્કરી તાલીમ, વ્યક્તિત્વ વિકાસ અને રાષ્ટ્રીય એકતા જેવા વિવિધ વિષયો પર વ્યાપક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કેમ્પનું આયોજન કર્નલ સપના શર્મા, અન્ય અધિકારીઓ, એસોસિએટ એનસીસી ઓફિસર્સ તથા પરમનેન્ટ ઈન્સ્ટ્રક્ટર સ્ટાફના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સમગ્ર તાલીમ કાર્યક્રમનું સુવ્યવસ્થિત અને વ્યાવસાયિક રીતે સંચાલન કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં કેડેટ્સને વિવિધ લશ્કરી કવાયતો, ટીમ-બિલ્ડિંગ પ્રવૃત્તિઓ અને નેતૃત્વ વિકાસના અભ્યાસક્રમો દ્વારા આત્મવિશ્વાસ, શિસ્ત અને રાષ્ટ્રસેવાની ભાવના વિકસાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે જ વિવિધ પૃષ્ઠભૂમિના કેડેટ્સમાં સહકાર, શારીરિક તંદુરસ્તી અને દેશપ્રેમની ભાવના મજબૂત બને તે માટે વિશેષ તાલીમ આપવામાં આવી હતી. કેમ્પનું વિશેષ આકર્ષણ ડ્રોન ટેક્નોલોજી અને સાયબર સુરક્ષા અંગેના જાગૃતિ સત્રો રહ્યા હતા. કેડેટ્સને આધુનિક ટેક્નોલોજી, સાયબર જોખમો અને જવાબદાર ડિજિટલ વર્તન અંગે ઉપયોગી માહિતી આપી ભવિષ્યના પડકારોનો સામનો કરવા સજ્જ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# ‘નિ:સહાય’ ટ્રસ્ટ દ્વારા અંધજન અને જરૂરિયાતમંદોને રેઈનકોટ વિતરણ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮

ચોમાસાની ઋતુમાં જ્યારે સામાન્ય જનજીવન પ્રભાવિત થતું હોય છે, ત્યારે સમાજના વંચિત વર્ગોની ચિંતા કરવી એ સામાજિક જવાબદારી છે. આ ઉમદા ભાવના સાથે, વડોદરા સ્થિત ‘ની સહાય બ્લાઈન્ડ ચેરિટેબલ સેવા ટ્રસ્ટ’ દ્વારા આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને એક ખાસ સેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં અંધજન ભાઈ-બહેનો, વિધવા બહેનો તેમજ તેમના બાળકોને વિનામૂલ્યે રેનકોટનું વિતરણ કરવામાં આવશે. આ પહેલનો મુખ્ય હેતુ ચોમાસા દરમિયાન આ પરિવારોને વરસાદ સામે રક્ષણ પૂરું પાડી તેમની મુશ્કેલીઓમાં રાહત આપવાનો છે. સંસ્થાના પદાધિકારીઓના જણાવ્યા અનુસાર, નાના નાના સેવાકીય પ્રયાસોથી જ સમાજના છેવાડાના વ્યક્તિના જીવનમાં મોટું પરિવર્તન લાવી શકાય છે. ટ્રસ્ટ દ્વારા ગત રોજ કમાટીબાગના ગેટ નંબર ૨ પાસે બપોરે ૩ થી ૫ દરમિયાન આ કાર્યક્રમ યોજાયો હતો.

# ભારતમાં CSR ખર્ચે રચ્યો નવો રેકોર્ડ, ૪૦,૭૯૪ કરોડને પાર

વડોદરા : ફલક્રમ-કેપિટલાઈઝિંગ CSRના ‘ભારત CSR પર્ફોર્મન્સ રિપોર્ટ 2026’ મુજબ વર્ષ 2024-25 દરમિયાન દેશમાં કોર્પોરેટ CSR ખર્ચ પ્રથમ વખત 40,794 કરોડ સુધી પહોંચ્યો છે, જે અગાઉના વર્ષની સરખામણીએ 17 ટકા વધુ છે. છેલ્લા દસ વર્ષમાં કંપનીઓએ CSR હેઠળ 2.61 લાખ કરોડથી વધુનું રોકાણ કર્યું છે. મહારાષ્ટ્રને સૌથી વધુ 8,631 કરોડનું CSR રોકાણ મળ્યું છે, જ્યારે ગુજરાત 68 ટકા વૃદ્ધિ સાથે સૌથી ઝડપથી વિકસતું CSR રાજ્ય બન્યું છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, HDFC બેંક અને TCS CSR ખર્ચમાં ટોચના ત્રણ સ્થાને રહ્યા છે. શિક્ષણ માટે 13,877 કરોડ, આરોગ્ય માટે 8,531 કરોડ અને પર્યાવરણ સંરક્ષણ માટે 3,397 કરોડ ફાળવાયા છે. વર્ષ દરમિયાન 1,012 નવી કંપનીઓ CSR હેઠળ જોડાઈ હતી અને દેશભરમાં કુલ 72,333 CSR પ્રોજેક્ટ્સ અમલમાં મૂકાયા હતા.

### કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી કિંજરપ્પા રામ મોહન નાયડુની વડોદરા મુલાકાત

# શહેરને આંતરાષ્ટ્રીય ફ્લાઈટની ખાતરી, વિન્ટર શેડ્યૂલમાં નવી કનેક્ટિવિટી શક્ય

એરપોર્ટ એડવાઇઝરી કમિટીના સભ્યો સાથે બેઠક, વડોદરા માટે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ કનેક્ટિવિટી શરૂ કરવા માંગ



(પ્રતિનિધિ) વડોદરા,તા.18

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરપ્પા રામ મોહન નાયડુ અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સચિવ સમીર કુમાર સિંહાએ વડોદરાની મુલાકાત લઈ એરપોર્ટની કામગીરી અને વિકાસ યોજનાઓની સમીક્ષા કરી હતી. વડોદરા એરપોર્ટ પર એરપોર્ટ ડિરેક્ટર એમ.એસ.આઈ. દાઉદે તેમનું સ્વાગત કર્યું હતું.

મુલાકાત દરમિયાન મંત્રીએ ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સના **C-295 એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ**ની મુલાકાત લઈને ઉત્પાદન પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ‘મેક ઇન ઇન્ડિયા’ હેઠળ તૈયાર થઈ રહેલા C-295 એરક્રાફ્ટ પ્રોજેક્ટની પ્રશંસા કરી અને ઈજનેરો તથા કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો.

નવી દિલ્હી જવા પૂર્વે મંત્રીએ વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશી, ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ (FGI)ના પ્રતિનિધિઓ અને એરપોર્ટ એડવાઈઝરી કમિટીના સભ્યો સાથે બેઠક યોજી હતી. બેઠકમાં વડોદરાથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ કરવા, ડોમેસ્ટિક ફ્લાઈટ્સની સંખ્યા વધારવા, કાર્ગો સેવા શરૂ કરવા તેમજ ચેન્નાઈ, કોલકાતા, ચંદીગઢ, કોચી અને ગોવા માટે સીધી ફ્લાઈટ શરૂ કરવાની રજૂઆત કરવામાં આવી હતી.

કેન્દ્રીય મંત્રીએ માંગણીઓને હકારાત્મક પ્રતિસાદ આપતા આગામી વિન્ટર શેડ્યૂલમાં શક્ય તેટલી માંગણીઓ પૂર્ણ કરવા પ્રયાસ કરવાની ખાતરી આપી હતી. સાથે એરપોર્ટના વિકાસકાર્યો અને જરૂરી મંજૂરીઓ ઝડપથી પૂર્ણ કરવાની પણ ખાતરી આપતા વડોદરાની એર કનેક્ટિવિટી વધુ મજબૂત બનવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ચોખંડીમાં પાણી સમજીને યુવાને ફિનાઈલ ગટગટાવ્યું

**સમયસર** હોસ્પિટલ ખસેડાતા સારવારથી યુવાનની તબિયત સ્થિર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

શહેરના ચોખંડી વિસ્તારમાં શનિવારે સાંજે એક ચોંકાવનારી ઘટના બની હતી. ભારે તરસ લાગતાં એક યુવાને પાણીની બોટલ સમજીને અજાણતા ફિનાઈલ પી લેતા તેની તબિયત બગડી ગઈ હતી. જોકે પરિવારજનોની સમયસૂચકતા અને તાત્કાલિક સારવારના કારણે યુવાનનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ચોખંડીના બરાનપુરા વિસ્તારમાં પેટ્રોલ પંપ પાછળ આવેલી ઝૂંપડપટ્ટીમાં રહેતા 26 વર્ષીય સુરેશ કમલેશભાઈ ચુનારા રોજિંદા કામકાજ પૂર્ણ કરીને સાંજના સમયે ઘરે પરત ફર્યા હતા. દિવસભરના ભારે પરિશ્રમ અને ગરમીના કારણે તેમને તીવ્ર તરસ લાગી હતી. ઘરમાં પ્રવેશતા જ ઉતાવળમાં તેમણે પાણીની બોટલ સમજીને નજીકમાં રાખેલી ફિનાઈલ ભરેલી બોટલમાંથી કેટલાક ઘૂંટડા પી લીધા હતા.

થોડી જ ક્ષણોમાં ગળામાં બળતરા અને અસ્વસ્થતા અનુભવાતા સુરેશને પોતાની ભૂલનો અહેસાસ થયો હતો. પરિવારજનો પણ ગભરાઈ ગયા હતા અને કોઈ વિલંબ કર્યા વગર તેમને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. ફરજ પરના તબીબોએ તાત્કાલિક પ્રાથમિક સારવાર શરૂ કરી હતી. સારવાર બાદ હાલ તેમની તબિયત સ્થિર હોવાનું અને જોખમમાંથી બહાર હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનાએ ઘરગથ્થુ સફાઈ માટે વપરાતા ફિનાઈલ સહિતના કેમિકલ્સ પીવાના પાણીની બોટલમાં રાખવાના જોખમ સામે ફરી એકવાર ચેતવણી આપી છે. સ્થાનિક લોકોએ પણ આવી વસ્તુઓ બાળકો અને પરિવારના સભ્યોની પહોંચથી દૂર રાખવા તેમજ અલગ ઓળખાય તેવા વાસણમાં જ રાખવાની જરૂરિયાત વ્યક્ત કરી છે.

### આત્મનિર્ભરતા અને રોજગારની નવી તકો સર્જવાનો પ્રયાસ

# દિવ્યાંગ મહિલાઓ માટે ત્રણ દિવસીય અનોખી મોડેલિંગ વર્કશોપ યોજાઈ

**નેશનલ** કરિયર સર્વિસ સેન્ટર અને હેલ્ધી કેમ્પસ એનજીઓની સંયુક્ત પહેલ, 80થી વધુ મહિલાઓને મળશે તાલીમ





(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

નેશનલ કરિયર સર્વિસ સેન્ટર ફોર ડિફરન્ટલી એબલ્ડ વુમન (શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર) તથા હેલ્ધી કેમ્પસ એનજીઓના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગ મહિલાઓના સશક્તિકરણ માટે ત્રણ દિવસીય અનોખી મોડેલિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. 14થી 16 જુલાઈ દરમિયાન યોજાયેલી આ વર્કશોપમાં 80થી વધુ દિવ્યાંગ મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વડોદરાના સમાજ સુરક્ષા સંકુલ, પેન્શનપુરા સ્થિત નેશનલ કરિયર સર્વિસ સેન્ટર ખાતે યોજાયેલી વર્કશોપનું સંચાલન નવ લાઈટ્સ એકેડેમીએ કર્યું હતું. વર્કશોપ દરમિયાન ભાગ લેનાર મહિલાઓને મોડેલિંગ ક્ષેત્રની મૂળભૂત તાલીમ, વ્યક્તિત્વ વિકાસ, આત્મવિશ્વાસ વધારવાની કળા અને પ્રોફેશનલ ગ્રૂમિંગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આયોજકોના જણાવ્યા મુજબ, કાર્યક્રમનો મુખ્ય હેતુ દિવ્યાંગ મહિલાઓને આત્મનિર્ભર બનાવી તેમને મોડેલિંગ સહિતના વિવિધ ક્ષેત્રોમાં કારકિર્દીની નવી તકો ઉપલબ્ધ કરાવવાનો છે. હેલ્ધી કેમ્પસ એનજીઓ લાંબા સમયથી દિવ્યાંગ મહિલાઓના ઉત્થાન, સશક્તિકરણ અને તેમને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે કાર્યરત છે.

વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર 94292 56715 પર સંપર્ક કરી શકાય છે.

# ૭૪ મરઘાને પાંજરે પૂરનાર સામે ફરિયાદ બાદ પોલીસની કાર્યવાહી

**દર્શના** એનિમલ વેલ્ફેરની ટીમે હેલ્પલાઇન પર મળેલી માહિતીના આધારે દરોડો પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના ફતેપુરા ચાર રસ્તા નજીક ભરાતા શુક્રવારી બજારમાં પશુ-પક્ષીઓ સાથે ક્રૂરતા થતી હોવાની ફરિયાદના આધારે દર્શના એનિમલ વેલ્ફેરની ટીમ અને સિટી પોલીસની સંયુક્ત કાર્યવાહી દરમિયાન 74 દેશી મરઘાં અને બચ્ચાંને અમાનવીય રીતે ટોપલા અને પાંજરામાં ખીચોખીચ ભરી રાખવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસે વેચાણકર્તા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતના ડિંડોલી વિસ્તારમાં રહેતા અને સુરત ફન એન્ડ જોય ગેમઝોનના સંચાલક તેમજ દર્શના એનિમલ વેલ્ફેર, અમદાવાદના સભ્ય મિલિંદ અરવિંદભાઈ સોનીને સંસ્થાની હેલ્પલાઈન પર વડોદરાના શુક્રવારી બજારમાં પશુ-પક્ષીઓ સાથે ક્રૂરતા થતી હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ સંસ્થાએ પોલીસ કમિશનરને ઈ-મેઈલ દ્વારા જાણ કરી હતી.

આ માહિતીના આધારે મિલિંદ સોની ટ્રસ્ટી આકાશભાઈ ચાવડા સહિત સંસ્થાની ટીમ ફતેહપુર ચાર રસ્તા પાસે ડી.જે. નરેશ એન્ડ રાસખાના નજીક પહોંચી હતી. ત્યાં ફૂટપાથ પર એક વ્યક્તિ વાંસના ટોપલા અને લોખંડના પાંજરામાં દેશી મરઘાં અને બચ્ચાંને અત્યંત સંકુચિત જગ્યામાં ભરી વેચાણ કરતો હોવાનું જોવા મળ્યું હતું. તાત્કાલિક સિટી પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફ સ્થળ પર દોડી આવ્યો હતો. પંચોની હાજરીમાં તપાસ દરમિયાન વેચાણકર્તાએ પોતાનું નામ શબીરહુશેન કાસમમિયાં શેખ (રહે. યાકુતપુરા, વડોદરા) હોવાનું જણાવ્યું હતું. તપાસમાં ત્રણ વાંસના ટોપલા અને બે લોખંડના પાંજરામાં 74 દેશી મરઘાં અને બચ્ચાંને ખીચોખીચ અને નિર્દયતાપૂર્વક રાખવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું.

### અંકલેશ્વરની શાળાનો વીડિયો વાયરલ

# નોબારિયા સ્કૂલમાં વિદ્યાર્થીઓ પાસેથી તગારા-પાવડાથી કામ કરાવાતાં વિવાદ

**વાલીઓમાં** રોષ, સમગ્ર મામલે તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ



(પ્રતિનિધિ) અંકલેશ્વર તા. ૧૮

અંકલેશ્વરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત નોબારિયા પ્રાથમિક શાળાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા શિક્ષણ જગતમાં ચર્ચા જાગી છે.વાયરલ વીડિયોમાં શાળાના વિદ્યાર્થીઓ તગારા અને પાવડા વડે કામગીરી કરતા નજરે પડે છે, જ્યારે નજીકમાં શિક્ષિકા ઊભી હોવાનુ પણ દેખાઈ રહ્યુ છે.

વિડિયોએ અનેક સવાલો ઊભા કર્યા છે. શાળા બાળકોને શિક્ષણ, સંસ્કાર અને સુરક્ષિત વાતાવરણ આપવા માટે હોય છે, ત્યારે વિદ્યાર્થીઓ પાસેથી આ પ્રકારની કામગીરી કરાવવી કેટલી યોગ્ય છે તે અંગે વાલીઓ અને જાગૃત નાગરિકોમાં ચર્ચા શરૂ થઈ છે. અભ્યાસના સમયે બાળકોને મજૂરી જેવા કામમાં રોકવામાં આવ્યા હોવાના આક્ષેપો પણ ઉઠી રહ્યા છે.

ઘટનાની સત્યતા અને વીડિયો કયા સંજોગોમાં બનાવાયો હતો તેની સત્તાવાર પુષ્ટિ હજુ સુધી થઈ નથી. તેમ છતા, જો વિદ્યાર્થીઓ પાસેથી ખરેખર આ પ્રકારનું કામ કરાવવામાં આવ્યુ હોય તો તે શિક્ષણના મૂળ હેતુ અને બાળ અધિકારોની ભાવના સામેનો ગંભીર મુદ્દો ગણાય.

આ સમગ્ર મામલે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને શિક્ષણ વિભાગ દ્વારા તાત્કાલિક તપાસ કરી જવાબદાર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. વીડિયો વાયરલ થતા શિક્ષણ તંત્રની કામગીરી પણ સવાલોના ઘેરામાં આવી છે.

# ભૂતપૂર્વ NRI વિદ્યાર્થીએ આશ્રમ શાળામાં અદ્યતન રૂમો ભેટ આપ્યા

**મંત્રી** ઈશ્વરસિંહ પટેલે લોકાર્પણ કર્યું

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 18

કસ્તુરબા સેવાશ્રમ મરોલી સંચાલિત આશ્રમશાળા ચાસવડમાં ભૂતપૂર્વ NRI દાતા દ્વારા નવા અદ્યતન રૂમોનું આજે રાજ્યના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલનાં હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.

ચાસવડ આશ્રમશાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ યુએસએ (USA) માં વસવાટ કરતા દાતા જયવંતભાઈ ભક્તે આજના બાળકો માટે આ રૂમો તૈયાર કરાવ્યા હતા. શનિવારે યોજાયેલા આ લોકાર્પણ સમારોહમાં રાજ્યના મંત્રી ઈશ્વરસિંહ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ખુમાનસિંહ વાંસિયા, નેત્રંગ કેળવણી મંડળના હસમુખભાઈ ભક્ત, કામરેજ તાલુકાના વાવ ગામના રમેશભાઈ ભક્ત સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા.



રૂમોના લોકાર્પણ બાદ મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, “આવી જ સંસ્થામાં શિક્ષણ મેળવીને ભવિષ્યમાં ઉજ્જવળ કારકિર્દી બનાવ્યા બાદ પોતાની માતૃસંસ્થાને મદદ કરવાની જયવંતભાઈની ભાવના ખૂબ જ ઉત્તમ છે. તેમણે અન્ય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે આદર્શ દાખલો બેસાડ્યો છે.”

# પંચમહાલમાં કલા મહાકુંભ ૨૦૨૬-૨૭ માટે ૫ ઓગસ્ટ સુધી નોંધણી

(પ્રતિનિધિ) ગોધરા, તા. 18

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા કલા મહાકુંભ 2026-27 માટે પંચમહાલ જિલ્લામાં ઓફલાઈન નોંધણી શરૂ કરવામાં આવી છે. નોંધણીની અંતિમ તારીખ 5 ઓગસ્ટ નક્કી કરવામાં આવી છે. સ્પર્ધાઓ તાલુકા કક્ષાથી રાજ્ય કક્ષા સુધી યોજાશે, જેમાં 6થી 14, 15થી 20, 21થી 59 અને 60 વર્ષથી ઉપરના વયજૂથના કલાકારો ભાગ લઈ શકશે. સાહિત્ય, કલા, નૃત્ય, ગાયન, વાદન અને અભિનય સહિત વિવિધ વિભાગોમાં સ્પર્ધાઓ યોજાશે. તાલુકા અને જિલ્લા કક્ષાએ નિયત કેન્દ્રો પરથી ફોર્મ મેળવી જમા કરાવી શકાશે. જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીએ જિલ્લાના વધુમાં વધુ કલાકારોને ભાગ લઈ પોતાની પ્રતિભા રાજ્ય સ્તરે રજૂ કરવાની અપીલ કરી છે.

# ગ્રામસભામાં ગેરકાયદે દારૂના વેચાણ સામે ગ્રામજનોનો ઉગ્ર વિરોધ

**'હવે તો** હદ થઈ ગઈ, ગામને દારૂના દુષણમાંથી મુક્ત કરો'ની ઉઠી માંગ

**ગ્રામસભામાં** સર્વાનુમતે ઠરાવ પસાર, પોલીસ અને તંત્ર પાસે કડક કાર્યવાહીની અપીલ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.18

બેડિયા ગ્રુપ ગ્રામપંચાયતમાં યોજાયેલી ગ્રામસભામાં વિકાસના મુદ્દાઓની સાથે ગામમાં ચાલી રહેલા ગેરકાયદેસર દારૂના વેચાણનો મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. ગ્રામજનોએ એકસ્વરે દારૂના ધંધા સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરતાં જણાવ્યું હતું કે, ₹હવે તો હદ થઈ ગઈ, ગામને દારૂના દુષણમાંથી મુક્ત કરો.₹

તા. 17 જુલાઈએ યોજાયેલી ગ્રામસભામાં વર્ષ 2026-27ના વિકાસ આયોજનને મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત રસ્તા, પીવાના પાણી, સફાઈ અને અન્ય જાહેર સુવિધાઓ અંગે પણ ગ્રામજનોએ રજૂઆતો કરી હતી.



જોકે, બેઠક દરમિયાન ગામમાં ગેરકાયદેસર દારૂના વેચાણને લઈને લોકોએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોએ જણાવ્યું હતું કે દારૂના કારણે યુવાનોનું ભવિષ્ય બગડી રહ્યું છે, પરિવારોમાં અશાંતિ વધી રહી છે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પણ પ્રભાવિત થઈ રહી છે. આક્રોશ વચ્ચે ગ્રામસભાએ ગામમાં ગેરકાયદેસર દારૂના વેચાણ અને હેરફેર પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવા સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો હતો. સાથે જ પોલીસ અને સંબંધિત વિભાગને તાત્કાલિક અસરથી કડક કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી હતી. ગ્રામજનોએ ચેતવણી આપી હતી કે ઠરાવ બાદ પણ જો દારૂનું વેચાણ ચાલુ રહેશે તો તેની જવાબદારી તંત્રની રહેશે.

# પ્રમુખ એકેડેમીની ચોથી બેચનો પ્રારંભ, UPSC-GPSC ઉમેદવારોને માર્ગદર્શન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

અટલાદરા સ્થિત BAPS સંચાલિત 'પ્રમુખ એકેડેમી' ખાતે ચોથી બેચના શૈક્ષણિક સત્રનો પ્રારંભ સમારંભ યોજાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી શરૂ થયેલી એકેડેમીએ ત્રણ વર્ષમાં UPSCમાં 10 અને GPSCમાં 70થી વધુ ઉમેદવારોને સફળતા અપાવી છે. સમારંભમાં સદગુરુ સંત પૂજ્ય ઘનશ્યામચરણ સ્વામી અને જિલ્લા વિકાસ અધિકારીએ 120 વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ, શિસ્ત, સખત મહેનત અને પ્રાર્થનાના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. એકેડેમીની સફળતાથી પ્રેરાઈ રાજસ્થાન, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળ સહિતના વિવિધ રાજ્યોમાંથી વિદ્યાર્થીઓ વડોદરા આવી UPSC અને GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે.

# લીમખેડામાં જનરક્ષક-૧૧૨ની સમય સૂચકતાથી પ્રેમી યુગલનો જીવ બચ્યો

**અગાસી** પર જઈ આત્મ હત્યાનો પ્રયાસ, પોલીસની ત્વરિત કાર્યવાહીથી મોટી દુર્ઘટના ટળી

**સાહસ** અને સૂઝબૂઝથી બચાવ કામગીરી સફળ, યુવતીએ પોલીસનો વ્યક્ત કર્યો આભાર

(પ્રતિનિધિ) દાહોદ, તા. 18

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના અગારા ગામે એક યુવતી અને તેના પ્રેમીએ અંગત કારણોસર ઘરની અગાસી પર જઈ તમામ દરવાજા અંદરથી બંધ કરીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતાં જનરક્ષક-112ની દુધિયા PCR ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

ફરજ પર રહેલા એએસઆઈ અક્ષયરાજસિંહ ઘનશ્યામસિંહ, જી.આર.ડી. જવાન પ્રવીણભાઈ જશવંતભાઈ, ચીમનભાઈ ખુમાનભાઈ, આરતભાઈ સાયબાભાઈ તેમજ લીમખેડા પોલીસ સ્ટેશનના અ.હે.કો. કૃષ્ણકુમાર નટવરસિંહે પરિસ્થિતિનું તાત્કાલિક મૂલ્યાંકન કર્યું હતું. અગાસી સુધી પહોંચવાનો સીધો માર્ગ ન હોવા છતાં ટીમે વૈકલ્પિક રસ્તો અપનાવી સાહસપૂર્વક બંને સુધી પહોંચી તેમનો જીવ બચાવ્યો હતો.

ત્યારબાદ પ્રેમી યુગલને સુરક્ષિત રીતે નીચે ઉતારી જરૂરી કાર્યવાહી માટે લીમખેડા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા હતા. બચાવાયેલી યુવતીએ જનરક્ષક-112 અને લીમખેડા પોલીસની સમયસરની કામગીરી, માનવતાભર્યા અભિગમ અને બહાદુરી બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સ્થાનિક ગ્રામજનોએ પણ પોલીસની ઝડપી કામગીરીને બિરદાવી હતી. સમયસર યોગ્ય નિર્ણય લેવાતા બે કિંમતી જીવ બચી ગયા હોવાનું લોકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું. આ ઘટનામાં જનરક્ષક-112ની ટીમે ફરજ પ્રત્યેની નિષ્ઠા, સાહસ અને માનવજીવન બચાવવાની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.